# વડગામમાં વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત રેલી યોજાઈ



વડગામ, તા. ૧૩

વડગામમાં આવેલી બ્લોક હેલ્થ કચેરી ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેનુ પ્રસ્થાન ડૉ.પી.આર. ચૌધરી, ધાનેરા તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. રેલી વડગામ બસ સ્ટેન્ડથી વડગામ બજારના જાહેર માર્ગો ઉપર ફરી હતી. રેલી માં ''નાનું કુટુંબ સુખી કુટુંબ'', ''બેટી બચાવો'', ''ભ્રૂણ હત્યા અટકાવો'' જેવા સૂત્રોચ્ચાર કરાયા હતા. આ રેલીમાં તાલુકાના તમામ ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તેમજ તાલુકા મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર ટી.એચ.વી. હિરવાનીબેન સહિત આશાવર્કર બહેનો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સુપરવાઈજર હસમુખભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજસ્થાન-માઉન્ટ આબુમાં રીંછનો પશુપાલક પર હિંસક હુમલો

**માઉન્ટ આબુનાં ઓરીયા ગામ નજીકની ઘટના, ઇજાગ્રસ્તને ગ્લોબલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા**

રાજસ્થાનનાં માઉન્ટ આબુ પાસે આવેલા ઓરીયા ગામ નજીક એક પશુપાલક ઉપર રીંછે અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં રીંછે પશુપાલકના મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી ઈજાગ્રસ્તને ગ્લોબલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.



રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુ પાસે આવેલા ઓરીયા ગામ નજીક એક પશુપાલક ઉપર રીંછે હુમલો કરીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. મૂળ ઓરિયા ગામના બદેસિંહ પશુઓને ચરાવીને પોતાના ઘર તરફ આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં રીંછએ અચાનક તેમના પર હુમલો કરી દીધો હતો. જેમાં મોઢાના ભાગે રીંછે ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. દરમિયાન તેમને બૂમાબૂમ કરતાં ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત અવસ્થામાં ગ્લોબલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ આબુરોડ વન વિભાગને થતાં વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઘટના સ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડ-માલપુર કોંગ્રેસ કાર્યકર્તા સંમેલન યોજાયું

**ધારાસભ્ય માટે પેરાશૂટ ઉમેદવાર હશે તો સામુહિક રાજીનામાની ચીમકી**



મોડાસા, તા. ૧૩

બાયડ-માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યા પછી બાયડ-માલપુર વિધાનસભા વિસ્તારના હોદ્દેદારો અને કાર્યકરોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. કોંગ્રેસ પક્ષે વિધાનસભા બેઠક પર દબદબો યથાવત રાખવા કમર કસી છે. બાયડના ધારેશ્વર મહાદેવ મંદિરમાં અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને બાયડ-માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કાર્યકર્તા સંમેલન રાજ્યસભાના સાંસદ અને એઆઈસીસીના રચનાત્મક કોંગ્રેસના ચેરમેન મધુસુદન મિસ્ત્રીની ઉપસ્થિતિમાં યોજાયું હતું. સંમેલનમાં ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અગમ્ય કારણોસર ગેરહાજર રહેતા કાર્યકરોમાં નિરાશા વ્યાપી હતી.

બાયડના ધોરેશ્વર મંદિર ખાતે યોજાયેલ જીલ્લા અને બાયડ-માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકર્તા સંમેલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીને બાયડ-માલપુર વિધાનસભા બેઠક પર બે ટર્મથી પેરાશૂટ ઉમેદવારને ટિકિટ આપવા છતાં કાર્યકર્તાઓએ વિજય અપાવ્યો હોવાનું જણાવી ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજીનામુ ધરી દેતા ટૂંક સમયમાં યોજાનાર વિધાનસભાની બેઠક પર સ્થાનિક કાર્યકર્તાને ટિકિટ આપવાની માંગ કરી હતી અને સ્થાનિક કાર્યકર્તાને ટિકિટ નહિ અપાય તો બંને તાલુકાના પદાધિકારીઓ અને સંમેલનમાં ઉપસ્થિત કાર્યકર્તાઓ સામુહિક રાજીનામાં ધરી દેવાની ચીમકી ઉચ્ચારી હોવાનું કોંગ્રેસના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું.

બાયડ-માલપુર વિધાનસભાના કાર્યકર્તા સંમેલનમાં ધવલસિંહ ઝાલાનું રાજીનામાં અંગે ભારે ચર્ચા થઈ હતી.

વિધાનસભા બેઠક પર સ્થાનિક કાર્યકરોની ઉપેક્ષા કરી પેરાશૂટ ઉમેદવાર ધવલસિંહ ઝાલાને ટિકિટ અપાતા સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓએ ભારે વિરોધ નોંધાવ્યો હતો તેમ છતાં પ્રદેશ કોંગ્રેસના નિર્ણયને માન્ય રાખી કાર્યકર્તાઓએ એકજુટ થઈ ધવલસિંહ ઝાલાને જ્વલંત વિજય અપાવ્યો હતો. ધવલસિંહ ઝાલાએ રાજીનામુ ધરી દેતા કાર્યકર્તાઓ અને પ્રજાનો સાથે દ્રોહ કર્યો હોવાની લાગણી અનુભવી રહ્યા હોવાની સાથે બાયડના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા આ બેઠક પર કોંગ્રેસમાંથી ચૂંટણી લડવાની તૈયારીઓ આદરી હોવાની ચર્ચા વહેતી થતા કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# જાલેશ્વર પાલડી ધાર્મિક સ્થાનની સ્વચ્છતા અભિયાનમાં કેન્દ્રીય અધિકારીઓએ કર્યુ શ્રમદાન





પાટણ, તા. ૧૩

પાટણ જિલ્લામાં ભારત સરકારના નોડલ ઓફિસર જોઈન્ટ સેક્રેટરી રીના એસ. પુરીના હાથ નીચે જળ શક્તિ અભિયાનની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે પાટણ જિલ્લાના જાલેશ્વર પાલડી, બ્રામણવાડા, ચાણસ્મા તથા રૂપપુર તળાવની મુલાકાત લીધી હતી.

કેન્દ્ર સરકારે રચેલી કમીટી દ્વારા દેશના ૨૫૬ જિલ્લાઓમાં ભુગર્ભ જળના સ્તર નીચે જવાથી જનભાગીદારીથી જળસંચયના કામો કરી જળ સ્તર ઉંચા લાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવનાર છે. તે અંતર્ગત પાટણ જિલ્લાના ચાર તાલુકાના ગામોમાં થયેલ જળ શક્તિ અભિયાનના કામોની મુલાકાત લીધી હતી. જાલેશ્વર પાલડી ખાતે વરસાદના પાણીનો સંગ્રહ કેવી રીતે કરવો, તે પાણીનો ફરીથી ઉપયોગ થાય તે માટે શું શું કરવુ જોઈએ, ગામનું પાણી ગામ અને ખેતરનું પાણી ખેતરમાં રહે તે પ્રકારની કામગીરી હાથ ધરવા અનુરોધ કર્યો હતો અને ગ્રામજનોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. ગામના મંદિરના પરીસરમાં આવેલ રામકુંડની કેન્દ્રીય ટીમના અધિકારીઓ અને ગ્રામજનોએ સાથે મળી સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કયું હતું. ચાણસ્મા ખાતે ચાણસ્મા તાલુકાના સરપંચો અને તલાટી મંત્રીઓ સાથે બેઠક યોજી હતી અને તેમની પાસેથી જળસંચય અંગેની વિગતો મેળવી હતી. આ વિસ્તારમાં ભુગર્ભ જળનું સ્તર નીચું જઈ રહયું છે. આપણે સૌ જળસંચય નહી કરીએ તો ભવિષ્યમાં પાણીની મુશ્કેલી પડશે. જનભાગીદારીથી અંતરિયાળ ગામોથી શહેર સુધી જળસંચય જરૂરી છે.

ભુગર્ભ જળને બચાવવા પાણીનો વપરાશ ઓછો કરી વરસાદી પાણી વહી જતું બચાવી વધુ ને વધુ પાણી જમીનમાં ઉતરે તે પ્રકારની કામગીરી કરવા સરપંચ અને તલાટીઓને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ઈન્ફોરમેશન ડીપાર્ટમેન્ટના ડાયરેકટર ગીરીશ ચંદ્રા એરોન, ટેકનીકલ ઓફિસર નરેશ પોરવાલ, પ્રાન્ત અધિકારી ડી.બી. ટાંક, સિંચાઈ અધિકારી શ્રોપ, ખેતીવાડી અધિકારી શૈલેષભાઈ પટેલ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# મોડાસાના તારાપુર ખાતે ગુરૂપૂર્ણિમા પાવન મહાપર્વની ઉજવણી યોજાશે

**વહેલી સવારથી ભક્તો દર્શન કરવા માટે આવશે**

ભિલોડા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના તારાપુર (સાલમપુર, મેઢાસણ) ખાતે શ્રીમદ મોહનરામબાપા અધ્યાત્મ આશ્રમ આવેલ છે. જ્યાં છેલ્લા ૪૦ વર્ષથી પણ વધારે સમયથી અહીં દર વર્ષે ગુરૂપૂર્ણિમા મહાપર્વની ઉજવણી થાય છે. તથા દર મહિનાની પૂનમે મોટી સંખ્યામાં દૂર દૂરથી ભાવિકભક્તો ગુરૂજીના દર્શન તથા અધ્યાત્મિક ધ્યાન અર્થે આશ્રમમાં આવે છે. આ આશ્રમના આધ્ય સ્થાપક શ્રીમદ મોહનરામબાપા આશરે ૧૧૫ વર્ષના દીર્ઘ આયુષ્ય બાદ તા. ૧૪-૧૧-૨૦૧૬ને કાર્તિક માસની પૂનમના શુભ દિવસે સ્વધામ પધાર્યા ત્યાર બાદ આશ્રમની તમામ જવાબદારી સંત લક્ષ્મણરામ બાવજી સંભાળે છે. આજે પણ શ્રીમદ મોહનરામબાપાની અસીમકૃપા તથા સંત લક્ષ્મણરામ બાવજીની અધ્યાત્મીક વાણીનો લાભ લેવા સાબરકાંઠા, અરવલ્લી તથા આજુબાજના તમામ જિલ્લાના ભાવિકભક્તો મોટી સંખ્યામાં અહીં આવે છે. આ વર્ષે તા. ૧૬-૭-૨૦૧૯ને મંગળવારના રોજ ગુરૂપૂર્ણિમા હોવાથી શ્રીમદ મોહનરામબાપા અધ્યાત્મ આશ્રમ ખાતે આ મહાપર્વની ઉજવણી માટેની સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવેલ છે. આ ગુરૂપૂર્ણિમાના મહાપર્વનો લાભ લઈને ગુરૂ ભક્તોમાં પાવન તવા સૌ ગુરૂભક્તોને સંત લક્ષ્મણરામ બાવજીનું આત્મભાવથી આમંત્રણ છે.

# હીરામણિ સ્કુલ ખાતે ''અટલ ટીંકરીંગ લેબ'' ને ખુલ્લી મુકતા વિજયભાઈ રૂપાણી






અમદાવાદ, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે જણાવ્યું હતું કે, રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધે અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં સમયાનુકુલ રસ રુચિ જાગે તે હેતુસર રાજ્યમાં વિઝ્યુલાઈઝેશન શાળાઓ ઉભી કરવાની નેમ દર્શાવી છે. આ માટે સ્ક્રીન અને પ્રોજેક્ટરની મદદથી વિઝ્યુલાઈઝેશન દ્વારા બાળકોને શિક્ષણ પુરુ પાડીને ગુજરાતના બાળકને વિશ્વ સમકક્ષ બનાવવા છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ આજે અમદાવાદમાં આવેલ હીરામણિ સ્કુલ ખાતે '' અટલ ટીંકરીંગ લેબ''ને ખુલ્લી મુક્યા બાદ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિદ્યાર્થીઓ નાનપણથી જ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રસ લે તે માટે અટલ ટીંકરીંગ લેબ યોજના અમલમાં મુકી છે. આ યોજના હેઠળ નીતિ આયોગ દ્વારા શાળાઓને રૂા. ૧૦ લાખની સહાય આપવામાં આવે છે અને દર વર્ષે નિભાવણી માટે રૂા. ૨ લાખ આપવામાં આવે છે.

રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ગુજરાતમાં ૨૫૦ શાળાઓની પસંદગી કરવામાં આવી છે તે પૈકી હીરામણિ સ્કુલની પસંદગી થઈ છે તે ગૌરવની વાત છે. વિજ્ઞાન અને ટેકનલોજીનો ઉપયોગ અભ્યાસમાં વ્યાપક બને તે જરૂરી છે તે વાતનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રી એ જણાવ્યું કે, વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ સમાજ કલ્યાણ અને રાષ્ટ્રના વિકાસ માટે થાય તે જરૂરી છે.

રાજ્યના ગરીબ કે અમીર સૌ વિદ્યાર્થીઓને સમાન તક મળે અને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે માટે અનેક શિક્ષણ લક્ષી યોજનાઓ સરકારે અમલમાં મૂકી હોવાનું રૂપાણીએ જણાવ્યું હતું.

**હિમતનગરની સાબરડેરી પશુ સારવાર માટે**

# આર્યુવેદિક દવાનો ઉપયોગ કરતા એલોપેથીક દવાનો ૨૫-૩૦ ટકા વપરાશ ઘટ્યો

હિંમતનગર, તા.૧૩

દેશ દુનિયામાં એલોપેથીક દવાનું દિવસે ને દિવસે પ્રમાણ વધી રહ્યું છે પરંતુ સજીવ શ્રુષ્ટિ માટે એલોપેથીક દવા લાંબા સમયે જીવ સૃષ્ટિ માટે ખતરા રૂપ છે ત્યારે સાબરડેરીએ એનડીડીબીના સહયોગથી સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના દુધાળા પશુઓ માટે એક નવતર પ્રયોગ હાથ ધરાયો છે જેમાં એલોપેથીક દવાઓ થી દુર રહી ભારતીય સંસ્કૃતિ મુજબ આયુવેદીક દવાથી સારવાર આપવાની શરૂઆત કરાઈ છે.

સાબરકાંઠા સહીત દેશભરના ખેડૂતો પશુ પાલન વ્યવસાય સાથે જોડાયેલા હોય છે ત્યારે પશુઓને નાની મોટી બીમારીઓની સારવાર માટે હાલ એલોપેથીક દવાઓનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે હાલ એલોપેથીક દવાની આડ અસર થતા પશુઓ રીએક્ટ કરતા નથી જેના કારણે પશુઓની આડ અસર એલોપેથીક દવાના ગુણો દૂધમાં ભળવાના કારણે દુધની ગુણવત્તા જળવાઈ રહેતી નથી ત્યારે સાબરડેરી ધ્વારા એનડીડીબી ના સહયોગ થી એક પહેલ કરી છે જેમાં અબોલ પશુઓને ઘર ઘથું ઉપચાર થકી નિદાન કરવાનું નક્કી કરાયું છે જેમાં પશુઓની ખાસ બીમારી જેવી કે આચળની બીમારી,તાવની બીમારી ઝાડાની બીમારી, ખરવાસા મોવાસાની બીમારીના નિદાન માટે ઘરઘથ્થુ જેવા કે લસણ ડુંગરી, કુવારપાઠું, જીરું, અજમો, હળધર, કળી ચૂનો, હિંગ, ખસખસ, મરિયા, મીઠો લીમડો-કડવો લીમડો, એલોવેરા, સરગવાના ઝાડના પત્તા જેવા અનેક કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરી પેસ્ટ બનાવવામાં આવે છે જેના થકી પશુઓનું નિદાન કરવામાં આવતું હોય છે ત્યારે આ આર્યુવેદિક ઉપચારના કારણે અબોલ પશુઓમાં એલોપેથીક જેવી આડ અસર જોવા મળતી નથી અને દુધની ગુણવત્તામાં પણ વધારો થતો હોય છે સાથે પશુઓને રોગ પ્રતિકારક શક્તિ પણ વધતી હોય છે ત્યારે સાબરડેરીએ છેલ્લા ચાર માસ થી પશુઓની નાની મોટી બીમારીઓના આર્યુવેદિક પદ્ધતિ થી ઉપચાર હાથ ધર્યો છે ત્યારે તેનું સારું પરિણામ મળ્યું છે.

# સ્વ. અશોકભાઈ ભટ્ટની સ્મૃતિમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં મેડિકલ કેમ્પ-પુસ્તક વિતરણ કાર્યક્રમ



અમદાવાદ, તા. ૧૩

ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, 'કોઈ ક્ષણિક ક્રોધના પગલે માનવી કોઈ ગુનો કરે છે અને તેના પગલે બંદીવાન બને છે. આ બંદીવાનો ક્યારેક કાયદાકીય જાણકારીના અભાવે પણ જેલવાસ ભોગવતા હોય છે ત્યારે આવા બંદીવાનોને અત્યારે ઉપલબ્ધ છે તેના કરતાં પણ વધુ પ્રમાણમાં અને સુદ્રઢ કાયદાકીય સલાહ મળે તે માટે રાજ્ય સરકાર હકારાત્મક અભિગમ ધરાવે છે.' 'સાથે જે બંદીવાનો લાંબી બીમારીથી પીડાતા હોય તેમને સતત તબીબી સુવિધા સહાય મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ ઉપરાંત ગંભીર બીમારીથી પીડાતા બંદીવાનોને વહેલી મુક્તિ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.' એમ તેમણે ઉમેર્યુ હતું.

મહાગુજરાતથી સ્વર્ણિમ ગુજરાત સુધીના સેનાપતિ અશોકભાઈ ભટ્ટની સ્મૃતિમાં આજે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે શારદા સેવા સંસ્થાન દ્વારા મેડીકલ કેમ્પ પુસ્તક વિતરણ ભક્તિસંગીત તથા વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

# ડીસાના યુવકનું અકસ્માતમાં કરુણ મોત

ડીસા, તા.૧૩

બનાસકાંઠા જીલ્લામાં માર્ગ અકસ્માતની વધતી જતી ઘટનાઓ વચ્ચે ગુરુવારે રાત્રે સર્જાયેલ વધુ એક અકસ્માતમાં ડીસાના આશાસ્પદ સોની યુવકનું કરૂણ મોત નિપજતા અરેરાટી મચી ગઈ છે.

ડીસાના વિનોદભાઈ સોની ગુરુવારે રાત્રે કોઈ કામકાજ અર્થે મોટર સાઈકલ લઈ ધાનેરા તરફ જઈ રહ્યા હતા. એ દરમ્યાન કંસારી નજીક કોઈ અજાણ્યા વાહન ચાલકે મોટર સાઈકલને ટક્કર મારતા વિનોદભાઈ સોનીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવની જાણ થતાં સ્થાનિક લોકીએ ઘટનાસ્થળે દોડી જઈ ૧૦૮ ની એમ્બ્યુલન્સ મારફત વિનોદભાઈને ગંભીર હાલતમાં ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.જોકે ફરજ પરના તબીબે વિનોદભાઈ સોનીને મૃત જાહેર કરતા ઊંડા આઘાતની લાગણી ફેલાઈ ગઈ હતી. ઘટના બનતા સમગ્ર ડીસા શહેરમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# અદાણી વિદ્યા મંદિરને 'સ્કૂલ સર્વિસિંગ સોશિયલ કોઝ' માટે ASSOCHAM એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ્સ એનાયત

અદાણી વિદ્યા મંદિર (એ.વી.એમ.), અમદાવાદને ASSOCHAM તરફથી 'બેસ્ટ એજ્યુકેશન ઈનિશિયેટિવ (સ્કૂલ સર્વિસિંગ સોશિયલ કોઝ) એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૧૯' એનાયત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સત્તાવાર સંવાદાતા કહે છે ''આ શ્રેષ્ઠતા માટેનો માન્યતા પ્રાપ્ત પુરસ્કાર છે, અદાણી વિદ્યા મંદિર તેમના સંચાલનમાં અને શિક્ષણ ક્ષેત્રે બહોળુ યોગદાન આપે છે. આજે અદાણી વિદ્યા મંદિર જેવા સંગઠન દેશ અને સમાજને ગૌરવ આપે છે.

આ પુરસ્કાર કોલકાતામાં યોજાયેલ ઈદ્ધેસી ૨૦૧૯ એન્ડ એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ્સ કાર્યક્રમમાં અદાણી વિદ્યા મંદિરને એનાયત કરવામાં આવ્યો હતો.

''અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રિતિ અદાણીએ જણાવ્યું હતું કે આજે આપણે આપણા બાળકોને જે રીતે શિક્ષિત કરીએ છીએ તે બાળકો કાલે આપણા રાષ્ટ્રનું ભવિષ્ય નક્કી કરશે. આપણા બધા પર બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય બનવાની જવાબદારી છે, ખાસ કરીને આર્થિક રીએ પછાત પરિવારો માંથી આવતા બાળકો પ્રત્યે વિશેષ જવાબદારી વધુ છે.''

અદાણી વિદ્યા મંદિર, અમદાવાદ (એવીએમએ) એ ભારતની પ્રથમ નિશુલ્ક શિક્ષણ શાળા છે જેને ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા થકી એનએબીટીટી માન્યતા પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત, એવીએમએ ભારતની એકમાત્ર શાળા છે જેમાં નિયમિત અભ્યાસક્રમમાં કોડિંગ સેન્ડપિટનો સમાવેશ થયો છે. અદાણી પબ્લિક સ્કૂલ, મુન્દ્રા એ સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રથમ એનએબીટીટી માન્યતા પ્રાપ્ત શાળા છે.

એવીએમ શાળા સ્માર્ટ લેબોરેટરી, આધુનિક પુસ્તકાલય, સુગમ વાહન વ્યવસ્થા, રમતો સંકુલ સુવિધા અને વધારાના અભ્યાસક્રમ માટેની પ્રવૃત્તિઓ, સુવ્યવસ્થિત કેન્ટિન, એક્ટીવીટી રૂમ વગેરે જેવી સુવિધાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત, ૧૧માં અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓ એક અઠવાડિયા માટે ઔધ્યોગિક સંપર્ક કાર્યક્રમમાં પસાર કરે છે જેથી તેમને રૂચી અનુસાર અભ્યાસક્રમમાં વિકલ્પો પસંદ કરી તેમાં પોતાનું ભવિષ્ય બનાવી શકે.

એવીએમએ હવે ૧૦૦ ટકા પ્રોસેસ ડ્રીવન શાળા છે જે સ્કૂલ સિસ્ટમમાં ભારત અને વિદેશમાં શ્રેષ્ઠ ભણતરનો અમલ કરે છે. આ પ્રોસેસ અને અમલીકરણને થર્ડ પાર્ટી ઑડિટ કરવામાં આવે છે.

એવીએમએ ૨૦૦૮માં સ્થપાઈ હતી અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) સાથે જોડાઈ હતી. બધાજ વિદ્યાર્થીઓ આર્થિક રીતે પછાત પરિવારો કે જેમની વાર્ષિક આવક એક લાખથી ઓછી છે તેવા પરિવારો માંથી આવે છે.

અદાણી વિદ્યા મંદિર અમદાવાદ (ગુજરાત), ભદ્રેશ્વર (ગુજરાત) અને સર્ગુજા (છત્તીસગઢ) ખાતે ઓછી આવક ધરાવતા પરિવારો વાળા ૨૧૦૦ બાળકોને નિશુલ્ક શિક્ષણ પૂરું પાડે છે. અદાણી પબ્લિક સ્કૂલ મુન્દ્રા (ગુજરાત), અદાણી વિદ્યાલય તોરોડા (મહારાષ્ટ્ર) અને કાવાઈ (રાજસ્થાન), અદાણી ડીએવી પબ્લિક સ્કૂલ ધામરા (ઓરિસ્સા) અને હઝીરા (ગુજરાત) ખાતે નવચેતન વિદ્યાલય થકી નહીવત દરે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપે છે.

## રીસામણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયા છે. જયારે કેટલાક ભાગોમાં હજુ સુધી સુકારાની સ્થિતિ છે. શહેરમાં રથયાત્રાના દિવસે સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ અમીછાંટણા વરસાવ્યા હતા. પરંતુ હજુ સુધી મેહુલિયો મુશળધાર ન વરસતા નગરજનો ગરમીથી અકળાઈ રહ્યા છે. વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં બફારાનુ પ્રમાણ વધ્યુ છે. બીજીતરફ વાવણીના અંતે ખેડુતો પણ નભ તરફ નજર માંડીને વરસાદની વાટે છે. શહેરમાં અત્યાર સુધી માત્ર ૪ ઈંચ વરસાદ થયો છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો વચ્ચે મેઘરાજા અનેકવાર હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જાય છે. ઘેરાતા વરસાદી વાદળો વરસ્યા વિના જ હાથતાળી આપીને વિદાય લેતા વરસાદની આશ ઠગારી નિવડે છે. વરસાદ વિલંબમાં પડતા નગરજનો પણ બેચેન છે. આકરા બફારાથી ત્રાહીમામ પોકારી ગયા છે. જુલાઈ મહીનો અડધો વિતી ગયો છતા મેઘરાજાનુ આગમન થયુ નથી. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદની ગેરહાજરી રહી હતી. સાંજના સમયે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. પરંતુ વરસાદ વરસ્યો ન હતો.

## વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર પાંચ હેક્ટરમાં, તુવરનું વાવેતર ૬ હેક્ટરમાં, ડાંગરનું વાવેતર ૫૦૦ હેક્ટરમાં, તલનું વાવેતર ૪ હેક્ટરમાં નોંધાયુ છે.

વરસાદ ખેંચાયાની સ્થિતિ પછી પણ ખેડૂતોને સારા ચોમાસાની આશા છે તેથી જ ખરીફ ઋતુના વાવેતરમાં એકજ સપ્તાહમાં ૮ હજાર હેક્ટર જેટલો વાવેતર વિસ્તાર વધવા પામ્યો છે.

જિલ્લામાં પાક પેટર્ન બદલાતી જોવા મળી રહી છે. મગફળીના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત શાકભાજીના વાવેતરમાં પણ ખેડૂતો ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. ચોમાસુ બાજરી તેમજ ગવાર અને દિવેલાના પાકના વાવેતર વિસ્તારમાં હજુ સારી એવી વૃદ્ધિ આગામી દિવસોમાં જોવા મળશે તેમ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે.

## ચંદ્રયાન-૨

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૨ સુધી માનવને અંતરિક્ષમાં મોકલવાની વાત કહી છે. મોટાભાગના વિશેષજ્ઞોનું કહેવું છે કે આ મિશનથી મળનારા જિયો-સ્ટ્રેટેજિકના ફાયદા વધારે નથી, પરંતુ ભારતનું ઓછા ખર્ચ વાળુ આ મોડલ કોમર્શિયલ ઉપગ્રહો અને ઓરબિટિંગ ડીલ પ્રાપ્ત કરી શકશે. આપને જણાવી દઈએ કે ચંદ્રયાન-૨ ઓર્બિટર, લેન્ડર અને રોવર લગભગ પૂરી રીતે ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવ્યા છે અને બનાવવામાં આવ્યા છે. તે ૨.૪ ટન વજન વાળા ઓર્બિટરને લઈ જવા માટે પોતાના સૌથી તાકાતવર રોકેટ લોન્ચર જીએસએલવી એમકે-૩નો ઉપયોગ કરશે. ઓર્બિટરની મિશન લાઈફ આશરે ૧ વર્ષ છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર હજી સુધી કોઈ દેશ પહોંચ્યો નથી. આ વિસ્તારમાં સૂર્યના કિરણો ત્રાંસા પડતા હોવાથી અહીંનુ ટેમ્પરેચર બહુ ઓછુ રહે છે. અહીંયા વિરાટકાય ખાડા પણ છે. જેની અંદરનુ તાપમાન -૨૫૦ ડિગ્રી સુધી પહોંચતુ હોય છે. આટલી ઠંડીમાં ચંદ્રયાનના રોવરને ઓપરેટ કરવાનુ કામ પડકાર જનક મનાઈ રહ્યુ છે. આ વિશાળ ખાડાઓમાં પાણી બરફ સ્વરુપે જળવાયેલુ હોવાનુ એક અનુમાન છે.

## વર્લ્ડકપ ફાઈનલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધી હતી. હવે ફાઈનલમાં ન્યુઝીલેન્ડની સામે ઈંગ્લેન્ડની ટીમ ફેવરીટ તરીકે મેદાનમાં ઉતરનાર છે. ન્યુઝીલેન્ડ સેમીફાઈનલમાં ભારત સામે જોરદાર દેખાવ કર્યાબાદ તેની પાસેથી પણ જોરદાર દેખાવની અપેક્ષા લોકો રાખી રહ્યા છે. ભારતીય ટીમ સેમીફાઈનલમાં હારી ગયા બાદ કરોડો ચાહકો નિરાશ થયા છે પરંતુ ફાઈનલ મેચ જોવા માટે ઉત્સુક છે. ઈતિહાસની વાત કરવામાં આવે તો ન્યુઝીલેન્ડની ટીમ માત્ર એક વખત ૨૦૧૫માં સેમિફાઈનલમાં જીત મેળવીને ફાઈનલમાં પહોંચી શકી છે. ક્રિકેટ વર્લ્ડકપમાં ૧૨માં એડિશનની મેચો ચાલી રહી છે. ઈંગ્લેન્ડની વાત કરવામાં આવે તો ૧૯૯૨ની એડિશન બાદ પ્રથમ વખત અંતિમ ચારમાં પહોંચી છે. છઠ્ઠી વખત ઈંગ્લેન્ડની ટીમ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યા બાદ જીત મેળવીને ફાઈનલમાં પહોંચી છે. છેલ્લા છ વખતમાં ત્રણ વખત તેની જીત થઈ છે અને બે વખત હાર થઈ છે. આવતીકાલે ફાઈનલમાં રમે તે પહેલા ત્રણ વખત ફાઈનલમાં રમી હોવા છતાં ઈંગ્લેન્ડની ટીમ ક્યારે પણ વિજેતા બની શકી નથી. ૧૯૭૫ના વર્લ્ડકપ બાદ પ્રથમ વખત ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમ સેમિફાઈનલમાં આમને સામને આવી હતી. ૧૯૭૫માં ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે જીત મેળવી હતી.ઈંગ્લેન્ડમાં પાંચમી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે.૧૯૭૫, ૧૯૭૯, ૧૯૮૩ અને ૧૯૯૯માં વર્લ્ડકપનું આયોજન ઈંગ્લેન્ડમાં કરવામાં આવ્યું હતું. ૨૦૧૯ના પુલવામા હુમલા બાદ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આ વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચનો બહિષ્કાર કરવા કહ્યું હતું. સાથે સાથે પાકિસ્તાની ટીમ ઉપર પ્રતિબંધ મુકવાની માંગ પણ કરવામાં આવી હતી. જો કે, દુબઈમાં પત્રકાર પરિષદ યોજીને આઈસીસીએ ભારતની માંગને ફગાવી દીધી હતી.